# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન • જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૪૦૨ • તા. ૨૧ ફેબ્રુઆરી થી ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬




**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.



KDO SANJIVANI

## જ્ઞાતિજનોની આશાઓ અને જરૂરતને પુરું કરતી શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની

# સંજીવની યોજના



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# પરિસ્થિતિની પરખ કરવી જરૂરી છે

ઊંચે ચડવું અઘરૂં છે તેથી અઘરૂં ઊંચે ચડીને ઊંચાઈ જાળવી રાખવું છે. માનવી સતત પોતાની પ્રગતિ જાળવી શકતો નથી. તે ઊંચાઈ પર ચડીને પોતાની મનોસ્થિતિ ડામાડોળ રાખે છે, અન્ય બાબતોમાં પોતાની વિચાર શક્તિ રાખી એકાગ્રતા ખોઈ દે છે. જેને લીધે તે જલદી પોતાનું પતન કરે છે. લક્ષથી નીચે આવી જાય છે. ઘણું જલદી આ પરિસ્થિતિ માનવી પોતે લઈ લે છે. આ પડતી ક્ષુલ્લક કારણોસર હોય છે. જે ચિંતા કરાવે એવી હોય છે. કારણ કે આ એક ધ્યાન, એક લક્ષ્યથી જલદી તેનું ધ્યાન હટી જાય છે અને તેનું પરિણામ સફળતાથી નિષ્ફળતામાં પહોંચી જાય છે. ઊંચે ચડનાર વિપરીત વિચારોમાં, સામાન્ય સંજોગોને અસામાન્ય બનાવી પોતાનું ધૈર્ય, મનસ્થિતિ ડગમગાવી પોતાની સફળતા, શિખર આરોહણને ટકાવી રાખવા ને બદલ પતન ભણી લઈ જાય છે.

સફળતાને, સિદ્ધિને જાળવી રાખવી એક પરીક્ષા છે. સારા સંજોગોને જાળવી રખાય એ ચેલેન્જ બની જાય છે. પરિસ્થિતિ જ્યારે સ્વના કાબુમાં નથી રહેતી ત્યારે મંઝિલ તરફ જતાં પગ પણ ડગમગી જાય છે. અસામાન્ય સંજોગોમાં સારી બાબતો ઝટ ઓગળી જાય છે. માનવીની સારપ, સદ્વર્તન, સંસ્કાર અને સદ્વર્તાવની કસોટી વિપરીત પરિસ્થિતિમાં ધોવાઈ જાય છે. મનની એકાગ્રતા તૂટી જાય છે અને લક્ષ્ય ધ્યાન હટી જાય છે. અસામાન્ય સંજોગોમાં પોતાની સ્થિરતા જાળવી રાખે એ વિરલ વ્યક્તિ છે. ગમે તે સ્થિતિમાં સ્થિર અને સામાન્ય સ્થિતિમાં અસ્થિર વ્યક્તિમાં ફરક છે. મામુલી જેવી સ્થિતિમાં સ્થિર ન રહી શકનાર સતત ડામાડોળ અવસ્થામાં રહે છે અને સંપૂર્ણ રીતે પોતાના આસપાસના વાતાવરણને હાલકડોલક રાખે છે. હકીકતમાં પડકારો અને જોખમો સતત આવતાં રહે છે. હકીકત એ હોય છે કે આવી વ્યક્તિઓ નગણ્ય બાબતોથી પણ હચમચી જાય છે. ક્ષુલ્લક બાબતોથી વિક્ષિપ્ત થઈ જાય છે, બેબાકળા બની જાય છે અને નાની બાબતોને મહતમ આફત તરીકે જૂએ છે અને હિંમત કરી ઝઝૂમવાનું માંડી વાળે છે.

મજબૂત મનોબળના વ્યક્તિઓ કોઈપણ પરિસ્થિતિમાં પોતાની ધીરજ, હામ અને સમતોલપણું ગુમાવતા નથી. તેઓ પોતાની આજુબાજુ સશક્ત સુરક્ષિત દીવાલ ચણી રાખે છે અને સુરક્ષિત કિલ્લાના કાંગરા ન ખરે એની કાળજી પહેલાથી કરી રાખે છે. સંજોગો કોઈ પણ આવે તેઓ તેનો સામનો કરવા સતત સજ્જ રહે છે. જ્યારે ઝંઝાવાત આવે છે ત્યારે નાના, નબળા પક્ષીઓ હાંફળા ફાંફળા થઈ ઊઠે છે પણ ગરૂડ જરાય ચિંતિત થતું નથી. તે હવાથી પણ ઊંચે ચડી ઝંઝાવાતને વળોટી તેની ઉપરનો સ્તર શાંત હોય ત્યાં પહોંચી પોતાની પાંખો ફેલાવતું ઊડે છે, ઝંઝાવાત જ્યારે પશુ-પક્ષીઓ, માનવજીવો, માલમતાની ખાના ખરાબી કરી શાંતને સ્થિર થાય ત્યારે ગરૂડ નીચે ઉતરી આવે છે અને પોતાની સપાટી પર સ્થિર શાંત ઉડયન કરી ઊંચાઈ જાળવી રાખે છે. આ બાબત સ્થિર સ્થિતિ અને અસ્થિર સ્થિતિમાં પોતાનો વર્તાવ બદલનાર પોતાનો નિયંત્રણ જાળવી ન રાખનાર એ ધ્યાનમાં લેવી જોઈએ અને એમાં બદલાવ કરવો જોઈએ.

*– જય જ્ઞાતિમૈયા*

# નિર્ણય લેવાના લેખાં જોખાં

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સમય એ હથેળીમાં લીધેલ રેતી જેવું છે. તેનો જો વખતસર ઉપયોગ નહીં કરીએ તો એ હાથમાંથી સરકી જશે અને તેનો સારો ઉપયોગ કરવાનો આપણો ઈરાદો નષ્ટ થઈ જાય છે. એટલે જ જ્ઞાનીજનો કહે છે કે સમયનો સદ્ઉપયોગ કરો. સદ્ઉપયોગની કોઈ ચોક્કસ વ્યાખ્યા નથી. દરેક માટે સમયના સદ્ઉપયોગ અને દુરુપયોગની વ્યાખ્યા પણ જુદી જુદી હોય છે. કામ કર્યા પછી થાક ઉતારવા માટે ઘડીક લેવાતો વિરામને પણ કોઈ સમયનો વેડફાટ કહી દે છે. સતત કામ કરનારની પણ લોકો ટીકા કરી કહે છે કે એને જિંદગી જીવતા નથી આવડતી. કાળી મજૂરી કરીને પોતાની જિંદગી વેડફી દે છે. આવી ટીકા પણ સાંભળવી પડે છે.

સમયને આપણા નિર્ણયો સાથે નજીકનો નાતો છે. નિર્ણય લેવા માટે કેટલો સમય લઈએ છીએ તેનાથી આપણી ક્ષમતા મપાય છે. દરેક નિર્ણય તેના પરિણામોના પ્લસ કે માઈન્સ પોઈન્ટ પર વિચારીને લેવા જોઈએ. કોઈપણ બાબત નિર્ધારીત સમયે જ આપણી સામે આવે છે. કોઈપણ બાબતનો નિર્ણય લેવામાં પણ નસીબને વચ્ચે લાવતા હોય છે. નસીબમાં લખેલું એ ભોગવવું પડે છે. જેવી વાતો પણ આપણે કહેતા હોઈએ અને અન્ય પાસેથી સાંભળતા હોઈએ છીએ. સાચો કે ખોટો નિર્ણય એ ભવિષ્યમાં ખબર પડે પણ સમય રહેતાં આપણે સમજવું જોઈએ કે આપણા માટે શું સારું છે અને શું નઠારું છે. નિર્ણય ચાહે સંબંધનો હોય નોકરી કે કેરિયર બાબતનો હોય કે બીજો કોઈ પણ. વધુ વિચારવાથી સમય અને સંજોગો સરકી જાય છે અને અનુકુળ માહોલ પ્રતિકુળમાં પલટાઈ જાય છે.

ઘણા લોકો પાછળથી આપણા નિર્ણય ઉપર કમેન્ટ કરતાં હોય છે કે એ વખતે સારો ચાન્સ હતો. એ ગોલ્ડન તક ઝડપી લીધી હોત તો? માલામાલ થઈ જાત પણ એ તક તે ચૂકી દીધી વિગેરે વિગેરે આવી બધી વાતો નિરર્થક છે. આપણને અફસોસ થાય એ પ્રકારની છે. આવી વાત પર ધ્યાન આપવાનો કોઈ અર્થ નથી. કોઈ નિર્ણય ન લેવો એ પણ એ પ્રકારનો નિર્ણય છે. મારે આ નથી કરવું એ પણ એક અડગ બાજુ છે. નિર્ણય છે સમય રહેતાં જે નિર્ણય લઈ લીધો હોય એ સાચો પડે કે ખોટો. આપણી તરફેણનો હોય કે આપણી વિરોધનો. એનો પાછળથી અફસોસ કરવો વ્યર્થ છે. તત્ક્ષણે જે સૂઝ્યું, જે યોગ્ય લાગ્યું મનોમન ગણતરી કરતાં જે ધ્યાનમાં આવ્યું, યોગ્ય અયોગ્ય વિચારીને પછી જે નિર્ણય લેવાયો જેની ઉપર દ્રઢ રહેવું જોઈએ. પાછળથી વસવસો કરવો વ્યર્થ છે. નિર્ણય કરતી વખતે જે પરિસ્થિતિ હોય છે એ કાયમ રહેતી નથી. સ્થિતિ સુધરી પણ શકે છે અને બગડી પણ શકે છે. નિર્ણય કર્યા પછી જે સંજોગો સર્જાય એના પર અફસોસ કરવો જોઈએ નહીં. કેટલાક નિર્ણયો સમય સાથે ખોટા પડતા હોય છે અને કેટલાય થોડો સમય વીત્યા પછી સાચા પણ ઠરતા હોય છે.

કોઈ નિર્ણય વિશે ફટ દઈને સારા કે ખરાબનું જજમેન્ટ આપી દેવું ન જોઈએ. નિર્ણયો યોગ્ય સમયે ઉચિત પ્રભાવ આપતાં હોય છે. સમય પહેલાં એના વિશે ધારી કે માની લેવું વાજબી નથી. આપણે એ જ ધ્યાન રાખવાનું છે. જે નિર્ણય લઈએ એ સમયસર અને આપણી યથા મતિ પ્રમાણે સમય સંજોગો ધ્યાનમાં લીધા પછી લેવો જોઈએ. નિર્ણય કર્યા પછી તેને વળગી રહેવું જોઈએ જરૂરી છે. વારેવારે આપણું વલણ બદલાવવું ન જોઈએ. આપણે કરેલા નિર્ણયોને સાર્થક કરવાની જવાબદારી આપણી જ છે. જાત પર રાખેલ શ્રધ્ધા સફળતા અપાવે છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# સંજીવની કેસ નં ૨૨૨ માટે જરૂરી ભંડોળ રૂા. ૨.૨૦ લાખ નામ માત્ર સમય દરમ્યાન જમા થઇ જતાં ક્રાઉડ ફંડિંગ બંધ કરાયું




૭૪ વર્ષીય કુવાપધ્ધરના હાલે ડોંબિવલી નિવાસી હરીશભાઇ જીવરાજ મોતા પોતાના ઘરમાં લપસણી સપાટીને લીધે જમીન સરસા પડતાં તેમના જમણા પગની જાંઘમાં હાડકાં ફ્રેક્ચર થયું. આ પરિસ્થિતિમાં તાત્કાલિક સર્જરી કરી પ્રોકિસમલ ઉર્વસ્થિનું આંતરિક ફિકસેશન કરવું જરૂરી થઇ પડ્યું.

તેઓ પત્ની સાથે રહે છે. બે પુત્રીઓ છે જેઓ પરિણીત છે. તેઓ ઘણાં વર્ષોથી નિવૃત અવસ્થામાં છે. પરિવારનો કોઇ મેડિક્લેઇમ નથી. આ અગાઉ તેઓ ઇમિટેશન જવેલરીનો નાનો વ્યવસાય કરતાં હતા. પુત્રીઓના લગ્નમાં બચત અને પાસે રહેલ ભંડોળ ખર્ચાઇ ગયો. સારવાર અને સર્જરી માટે ડૉક્ટરોએ રૂા. ૨.૨૦ લાખનો અંદાજિત ખર્ચ આપવામાં આવેલ. કપરી અવસ્થામાં મૂકાયેલા હરીશભાઇ મોતા એ જરૂરી રકમ મળે એ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના અંતર્ગત અરજી મૂકી.

સમગ્ર કેસનો અભ્યાસ કરી ક્રાઉડ ફંડિંગ શરૂ કરાયું. જણાવતાં ખુશી થાય છે કે નામ માત્ર સમયમાં જ સમગ્ર રકમ એકત્ર થઇ જતાં ક્રાઉડ ફંડિંગ અટકાવી દેવાયું.

આજ સુધીના દરેકે દરેક સંજીવની કેસ માટેની જરૂરી રકમ વ્યકિતગત દાતાઓ મહાજન, મંડળ, એકમ, ટ્રસ્ટોના આત્મીય સાથ ભાવથી સમયસર અને સંપૂર્ણ રકમ જમા થઇ જવાથી જે તે જ્ઞાતિજનોને સહાય કરી મદદરૂપ થઇ શક્યા છીએ. આ કાર્યનો સંપૂર્ણ શ્રેય દરેકે દરેક ઉદારજનોને છે. સૌની ભરપૂર અનુમોદના સાથે આભાર વંદના.

# બડગરા સંઘમાં પ.પૂ.સાધ્વી શ્રી મ.સા આદિઠાણા-૨ નું ભવ્ય આગમન








પ.પૂ.સાધ્વી ડૉ. શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા અને પ.પૂ.સાધ્વી શ્રી શ્રેયાસકરાશ્રીજી મ.સા આદિઠાણા-૨ કોઇમ્બતુરથી વિહાર કરી કેરળ રાજ્યના બડગરા સંઘમાં શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન બડગરા સંચાલિત શ્રી બડગરા જૈન દેરાસરમાં ભવ્યતાપૂર્વક પધાર્યા. સંઘની શ્રાવિકાઓ શિરે કળાત્મક કળશ-શ્રીફળ લઇને અને ભાત ભાતની ગહુલી રચીને સાહેબજીના આગમને હર્ષપૂર્વક વધાવ્યું.

સંઘના શ્રાવકજનોએ ભાગ્ય જાગ્યા પુણ્ય ફળ્યા ત્યારે અમે આ પળો પામ્યાં. સૌનું મંગલ કરવા કાજે સ્વંય ગુરુમૈયા પધાર્યા ના હર્ષનાદથી સૂત્રો ઉચ્ચાર્યા હતા.

# શ્રી શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇ દ્વારા પરજાઉ ગામની પાંજરાપોળમાં ૫૦ મણ નીલાચારાનું નીરણ અપાયું

શ્રી શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇ દ્વારા શ્રી પરજાઉ ગામની પાંજરાપોળમાં શુક્રવાર તા.૨૦ ફેબ્રુઆરીના ગૌમાતાઓને ૫૦ મણ નીલાચારાનું નીરણ અપાયું. આ ઉતમ જીવદયા કાર્ય માટે કચ્છ પરજાઉ ગૌશાળા પાંજરપોળ ટ્રસ્ટ તરફથી શ્રી શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇનું આભારમાની અનુમોદના કરાઇ હતી.

# નૂતન ભાવના મંડળ જલગામ દ્વારા પુલવામા શહીદ સ્મૃતિદિને આદરાંજલિ સમર્પિત કરાઈ




જલગામના નૂતન ભાવના મંડળની બહેનો દ્વારા તા.૧૪ ફેબ્રુઆરી શનિવારના રોજ વેલેન્ટાઇન દિન દિવસે પુલવામામાં શહીદ જવાનોની સ્મૃતિમાં બ્લેક ડે મનાવી મંડળ સર્વે સદસ્ય બહેનો એ કાળા વસ્ત્ર પરિધાન કરી શહીદ વીર જવાનોને શ્રધ્ધાંજલિ અર્પિત કરી. આ પ્રસંગે કારગીલ યુધ્ધ ઉપર સવિસ્તર વિશ્લેષણ કરી સૈન્ય જવાનો કપરી પરિસ્થિતિમાં પણ દેશભાવના હૈયે રાખી સરહદની સુરક્ષા કરે છે તે ઉપર આધારિત લેખિત કવીઝ સ્પર્ધા યોજાઇ. જેમાં કનિકા લોડાયા, ભાવના શાહ અને પ્રીતિ સતરા વિજેતા થયાં હતા. સમ્રગ કાર્યક્રમનું આયોજન નૂતન ભાવના મંડળના અધ્યક્ષા રંજનબેન શાહ અને કાર્યકારિણી સદસ્યોએ સુચારુ રીતે કરેલ.

---

# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા ગુજરાતી ચલચરિત્ર જીવનું આયોજન થયું

શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબિવલી દ્વારા ગુજરાતી પારિવારિક જીવદયા પર આધારિત ચલચિત્ર જીવનું આયોજન ગુરૂવાર, તા. ૨૨ જાન્યુઆરીના રોજ રાત્રે ૧૦.૦૦ કલાકે, પૂજા થિયેટર, ડોંબિવલી (પૂર્વ) ખાતે કરવામાં આવ્યું હતું.

ફિલ્મ માટે ટિકિટના દર સ્ટોલ માટે રૂ. ૮૦ /- અને બાલ્કની માટે રૂ. ૧૦૦ /- રાખવામાં આવ્યા હતા. થિયેટરમાં કુલ ૧૮૬ બાલ્કનીની તથા ૧૮૬ સ્ટોલની બેઠકો ઉપલબ્ધ હતી અને શરૂઆતથી અંત સુધી દર્શકોમાં ઉત્સાહપૂર્ણ માહોલ જોવા મળ્યો હતો.

જૈન ધર્મમાં અહિંસા (જીવદયા) ને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. ફિલ્મ જીવમાં જીવદયા આધારિત ભાવસભર સંદેશ આપવામાં આવ્યો છે અને જીવોને બચાવવા પાંજરાપોળ બનાવવાની પ્રક્રિયામાં આવતી પરિસ્થિતિઓને સુંદર રીતે રજૂ કરવામાં આવી છે. આ ફિલ્મ દ્વારા અત્યંત અસરકારક જીવદયાનો સંદેશ પ્રસારિત થયો હતો.

ફિલ્મના આયોજનમાં અનેક કાર્યકરોનું વિશેષ યોગદાન રહ્યું હતું. ટિકિટ વહેંચણીની જવાબદારી શ્રીમતી અર્ચનાબેન અમિત ખોના (નલિયા) એ સુંદર રીતે સંભાળી હતી, જેમાં તેમને શ્રી કલ્પેશભાઈ ટીકમચંદ દંડ (લાલા) નો સહયોગ મળ્યો હતો.

શ્રીમતી ભાવનાબેન ભરત મોમાયા (નલિયા) એ ટિકિટ વેચાણમાં સારો સહકાર આપ્યો હતો.

સ્ટોલની થોડી ટિકિટો વધતા અનાજ કીટ, વૃદ્ધપેન્શન અને મેડીકલમાં સહાય લેતા સાધર્મીકોને નિઃશુલ્ક ટિકિટો આપવામાં આવી હતી.

ટિકિટની ડિઝાઇન તથા પ્રિન્ટિંગ માટે ચી.તીર્થ અમિત ખોના (નલિયા) અને ચલચિત્રની જાહેરાતની ઇમેજો બનાવવા બદલ કુ. કરિશ્મા ચેતન નાગડા (નલિયા) નો સહયોગ રહ્યો હતો.

મંડળના પ્રમુખ મહેન્દ્રભાઈ મેઘજી મોતા, ઉપપ્રમુખ ચેતન લહેરચંદ નાગડા તથા સહખજાનચી અમિત જેઠાલાલ ખોના એ ચલચિત્રની ઇન્કવાયરીથી લઈ અંત સુધીની તમામ તૈયારીઓ સંભાળી આયોજનને સફળ બનાવવા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

સમગ્ર આયોજન દરમ્યાન મંડળના તમામ સભ્યોનો મળેલ સહકાર તથા જવાબદારી પૂર્વકની કામગીરી ખૂબ સરાહનીય રહી હતી, જેના કારણે કાર્યક્રમ સંપૂર્ણ સફળ રહ્યો હતો.

# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલીની અનોખી પ્રસ્તુતિ મિશન ટેઝર હન્ટ : ડોંબિવલીના રસ્તા પર ખજાનાની રોમાંચક શોધખોળ



જીવનમાં સાચો 'ખજાનો' સોનું કે ચાંદી નહીં, પણ સાહસ, સંગઠન અને આનંદ છે. અને આ જ ખજાનાને શોધવા શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબિવલીના યુવા સાહસિકો રવિવાર, તા. ૧૮ જાન્યુઆરીના રોજ બપોરના સ્કૂટર લઈને નીકળી પડ્યા હતા.!

ડોંબિવલીના ઈતિહાસમાં પ્રથમ વખત એક એવી રહસ્યમય અને રોમાંચક ગેમ યોજાઈ, જેણે શહેરના રસ્તાઓને એક 'પ્લેગ્રાઉન્ડ' બનાવી દીધું હતું.

૧૩ કડીઓ... એક લક્ષ્ય.!

બપોરના ૦૧:૨૬ કલાકના ટકોરે 'ગેમ ઓન' થઈ.! કુલ ૨૪ ટીમો (૪૮ યુવા ખેલાડીઓ) હાથમાં નકશો અને મગજમાં તર્ક લઈને મેદાને ઉતરી. ડોંબિવલી (પૂર્વ) અને (પશ્ચિમ)માં છુપાયેલા ૧૩ રહસ્યમય સ્થળો (Clues) શોધવા માટે સ્પર્ધકોએ પોતાની બુદ્ધિ અને સ્કૂટરની સ્પીડ બંને કામે લગાડી હતી.

જાણે કોઈ ગુપ્ત મિશન પર હોય તેમ યુવાનો એક પછી એક કોયડા ઉકેલતા ગયા. રસ્તા પર દોડતી આ ટીમોને જોઈને આખું શહેર વિસ્મયમાં હતું કે આખરે આ યુવાનો કયા 'ખજાના'ની પાછળ દોડી રહ્યા છે.?

કોણે જીત્યો 'ખજાનો'? (The Ultimate Hunters) અંતે, જે ટીમની નજર બાજ જેવી અને ગતિ ચિત્તા જેવી હતી, તેમણે તમામ પડકારો પાર કરી વિજય મેળવ્યો.

ચેમ્પિયન હન્ટર્સ (પ્રથમ વિજેતા) : શ્રી હર્ષલ પ્રદિપ નાગડા (નલીયા) તથા શ્રી દર્શન દિલીપ ધુલ્લા (સુથરી)

માસ્ટર માઈન્ડ્સ (રનર - અપ): શ્રી રાજીવ વિનય ધરમશી (ભરૂડીયા) તથા શ્રી ધાર્મિક વીનોદ લોડાયા (દલતુંગી)

દરેકે દરેક સ્પર્ધકે જે રીતે હાર માન્યા વગર છેલ્લી કડી સુધી સંઘર્ષ કર્યો, તે જ તેમની સાચી જીત હતી.!

તમામ સ્પર્ધકોને મોમેન્ટો અને આકર્ષક ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સાહસના રચયિતા (Game Masters)

# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલીની અનોખી પ્રસ્તુતિ મિશન ટ્રેઝર હન્ટ : ડોંબિવલીના રસ્તા પર ખજાનાની રોમાંચક શોધખોળ

આ આખા 'મિશન'નો નકશો તૈયાર કરનાર અને તેને સફળ બનાવનાર 'માસ્ટર માઈન્ડ' એટલે કન્વીનર શ્રીમતી અર્ચનાબેન અમિત ખોના (નલીયા) એમના નેતૃત્વમાં આખી ટીમે એક અદભુત જાળ બિછાવી હતી.

દરેક સ્પર્ધકોને મંડળમાં બોલાવી મિટિંગનું આયોજન કરી ગેમના નીતિ-નિયમો અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

- ક્રિએટિવ વિઝનઃ ચિ. તીર્થ અમિત ખોના-નલિયા (જેમણે ક્લૂ કાર્ડ્સ અને ડિઝાઈનથી ગેમમાં પ્રાણ પૂર્યો).
- મિશન સપોર્ટ : શ્રીમતી હિરલ રોકી લોડાયા (સાંધવ), શ્રીમતી કાજલ ધનરાજ લોડાયા (સુથરી), કુ.કરિશ્મા ચેતન નાગડા (નલિયા)અને નમન મહેન્દ્ર મોતા (વારાપધર).
- ચેકપોઈન્ટ ગાર્ડ્સ : ધવલ પોલડીયા, કલ્પેશ દંડ, ધીરેન સોની, મનીષ કાંકણ, અનુજ લોડાયા, સાગર ખોના અને વિપુલ મોમાયા.પ્રજ્ઞનેશ નાગડા, ધનરાજ લોડાયા અને અતુલ કુરવાએ ખડેપગે રહીને સાથ સહકાર આપ્યો હતો.





આ ગેમમાં દરેક જોડીને રૂ. ૫,૦૦ /-ની રજીસ્ટ્રેશન ફી રાખવામાં આવી હતી તેમજ નાસ્તા માટે કૂપન, રસ્તામાં રમતા રમતા એનર્જી ડ્રિન્ક અને અલ્પાહારની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

અમિત ખોનાએ ગેમના પ્રમોશન માટે વિવિધ જાહેરાતો બનાવી સ્પર્ધકોને પ્રોત્સાહન આપ્યું હતું.

ભવિષ્યની ઉડાન.....

મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ મોતા અને ઉપપ્રમુખ શ્રી ચેતનભાઈ નાગડાએ જણાવ્યું કે, ''આ ટ્રેઝર હન્ટ માત્ર રમત નહોતી, પણ યુવાનોને એક તાંતણે બાંધવાનો એક સફળ પ્રયોગ હતો.''

આ કાર્યક્રમ સાબિત કરે છે કે જ્યારે યુવાશક્તિ, યોગ્ય માર્ગદર્શન અને ઉત્સાહ મળે છે, ત્યારે કોઈપણ 'ખજાનો' મેળવવો મુશ્કેલ નથી.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કન્વીનર શ્રીમતી અર્ચનાબેન અમિત ખોના, એમની ટીમ, સ્વયંસેવકો તેમજ મંડળના તમામ કાર્યકરોનો દિલથી આભાર વ્યક્ત કરવામાં આવ્યો અને આ ટ્રેઝર હન્ટ સ્પર્ધા મંડળના ઇતિહાસમાં એક યાદગાર અને સફળ કાર્યક્રમ તરીકે નોંધાઈ ગઈ.

# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી આયોજિત રંજન સંધ્યા કાર્યક્રમ ભવ્યતાથી સંપન્ન



શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી દ્વારા આયોજિત રંજન સંધ્યાનો કાર્યક્રમ રવિવાર, તા.૧૮ જાન્યુઆરીના રોજ માધવાશ્રમ હોલમાં સાંજના ૬:૦૩ કલાકે ભવ્ય અને ઉત્સાહભર્યા વાતાવરણમાં શરૂ થઈ રાત્રે ૧૦:૦૦ કલાકે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. દર વર્ષે મંડળ દ્વારા આ કાર્યક્રમ નિયમિત રીતે યોજવામાં આવે છે.

દર વર્ષે આયોજિત થતી રંજન સંધ્યાના કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ આપણી જ્ઞાતિના નાનાથી લઈને મોટા સુધી દરેક વયના ભાઈ-બહેનોને પોતાની અંદર રહેલી કલા, આવડત અને પ્રતિભા જ્ઞાતિ સમક્ષ રજૂ કરવાનો યોગ્ય અને સકારાત્મક મંચ ઉપલબ્ધ કરાવવાનો છે. ઘણા લોકોમાં નૃત્ય, સંગીત, અભિનય, વક્તૃત્વ, વાદ્યવૃંદ વગેરે જેવી વિવિધ કલાઓ હોવા છતાં યોગ્ય અવસરના અભાવે તે બહાર આવી શકતી નથી. આ કાર્યક્રમ એવા તમામ માટે એક પ્રેરણાદાયક અને આત્મવિશ્વાસ વધારતો અવસર બની રહે છે.

આ મંચ દ્વારા ભાગ લેનાર વ્યક્તિઓને જાહેર પ્રસ્તુતિ આપવાનો મહત્વપૂર્ણ અનુભવ મળે છે, જેના પરિણામે તેમના આત્મવિશ્વાસમાં વધારો થાય છે. સાથે સાથે પોતાની ક્ષમતાઓને ઓળખવાનો, પોતાની ખામીઓ સમજવાનો અને તેને સુધારવાનો ઉત્તમ મોકો મળે છે. મળતું માર્ગદર્શન અને પ્રોત્સાહન વ્યક્તિને સતત આગળ વધવા માટે પ્રેરણા આપે છે, જે તેમના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

રંજન સંધ્યા કાર્યક્રમમાં હાર - જીતને વિશેષ મહત્વ આપવામાં આવતું નથી. અહીં મુખ્ય ભાર ભાગીદારી, પ્રયાસ, આત્મવિશ્વાસ અને સકારાત્મક અભિવ્યક્તિ પર રાખવામાં આવે છે. દરેક ભાગીદાર પોતાની શ્રેષ્ઠ પ્રસ્તુતિ આપી આનંદ અનુભવે અને જ્ઞાતિ સાથેનું જોડાણ વધુમાં વધુ મજબૂત બને એ જ આ કાર્યક્રમની સાચી સફળતા છે.

કાર્યક્રમની સફળતા સ્વરૂપે આ વર્ષે કુલ ૧૨૧ સ્પર્ધકો દ્વારા ૩૭ પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી, જેના દ્વારા કાર્યક્રમનું વિશાળ ફલક ઊભું થયું હતું. એમાં ૨ વર્ષથી લઈને ૭૦ વર્ષ સુધીના તમામ વયજૂથના સ્પર્ધકોએ ભાગ લઈ પોતાની પ્રતિભા જ્ઞાતિ સમક્ષ રજૂ કરી હતી. વિવિધ વેશભૂષા, સંગીત, વિવિધ નૃત્યો,ડ્યુએટ ડાન્સ, સોલો ડાન્સ, ગ્રુપ ડાન્સ,પિયાનો વાદન, કથ્થક નૃત્ય, એકપાત્ર અભિનય વગેરે આઇટમોએ ઉપસ્થિત દર્શકોના દિલ જીતી લીધા હતા.

સ્પર્ધકોને વય પ્રમાણે ૧૪ ગ્રુપમાં વિભાજિત કરવામાં આવ્યા હતા અને આઇટમ પ્રમાણે દરેક ગ્રુપમાં પ્રથમ તથા દ્વિતીય ઇનામ આપવામાં આવ્યા હતા. પધારેલા મહેમાનો તથા મંડળના સભ્યો દ્વારા તમામ વિજેતાઓને ઇનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ વર્ષે રોટેટિંગ ટ્રોફીનો વિજેતા કચ્છી ધમાલ ગ્રુપ રહ્યું હતું.

# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી આયોજિત રંજન સંધ્યા કાર્યક્રમ ભવ્યતાથી સંપન્ન





કાર્યક્રમના નિર્ણાયક તરીકે GSB શાળાના કોરિયોગ્રાફર હેતલબેન રાઠોડ તથા પ્રિયાબેન ધુતએ પોતાની જવાબદારી ખૂબ જ નિપુણતા અને ન્યાયસંગત રીતે સંભાળી હતી.

કાર્યક્રમમાં પદમભાઈ લોડાયા, વિરેન્દ્રભાઈ લોડાયા, અને મયૂરભાઈ લોડાયાની વિશેષ હાજરી રહી હતી.

કાર્યક્રમનું સંચાલન રંજન સંધ્યાના ચેરપર્સન શ્રીમતી ભાવનાબેન ભરત મોમાયા દ્વારા ઉત્તમ રીતે કરવામાં આવ્યું હતું. તેમને અનુજ ગિરીશ લોડાયા એ સાથ આપ્યો હતો.

કાર્યક્રમ માટે જરૂરી પેપરવર્ક અને પ્રિન્ટિંગ કાર્યમાં ચેતનભાઈ નાગડાએ સહયોગ આપ્યો હતો, જ્યારે વિવિધ સુંદર જાહેરાતો તૈયાર કરીને અમિતભાઈ ખોના આ કાર્યક્રમ માટે પ્રેરકબળ બન્યા હતા.

મંડળના પ્રમુખ મહેન્દ્રભાઈ મોતાએ વિવિધ જાહેરાતો અને સતત પ્રોત્સાહન દ્વારા સમગ્ર કાર્યક્રમને મજબૂત સહકાર આપ્યો હતો.

રંજનસંધ્યાનાં ચેરપર્સન શ્રીમતી ભાવનાબેન ભરત મોમાયા અને શ્રીમતી જિજ્ઞાબેન વિજય છેડાએ કાર્યક્રમનું આયોજન કર્યું હતું આમ, રંજન સંધ્યાનો કાર્યક્રમ ઉત્સાહ, આનંદ અને પ્રતિભાના સુંદર સંગમ સાથે સફળતાપૂર્વક પૂર્ણ થયો અને મંડળના કાર્યક્રમોની શ્રેણીમાં એક યાદગાર અધ્યાય બની રહ્યો.



# જામનગર સંઘમાં ઉપાશ્રય ઉદ્‌ઘાટન પ્રસંગે ત્રિહાન્ચિકા મહોત્સવ પ્રસંગે શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના થઈ






તા.૨૦ ફેબ્રુઆરી શુક્રવાર દિને દેવાધિદેવ શ્રીનેમનાથ દાદાની અસીમ કૃપાથી જાજરમાન જિનાલયોના જામનગર નગરે શ્રી વિશા ઓસવાલ અચલગચ્છ જૈન સંઘના ઉપાશ્રય ઉદ્‌ઘાટન પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવ નિમિત્તે પ.પૂ.સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા.ની શુભ પાવન નિશ્રામાં શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપએ રમઝટ જમાવી હતી. ઉપસ્થિત રહેલ સૌએ ધર્મલાભ લઈ ધન્ય ધન્ય થયાં હતા.

| Anumodana | | |
|---|---|---|
| Sanjivani Case - 221 | | |
| Name:Mrs. Sheetal Kalpesh Dhulla | Age : 46 Yrs. | Village: Sevak Bharudiya - Mulund |
| Individual Donors | | |
| Previous Case No. 219 Balance | | 26,251.00 |
| Shree Samast KDO Jain Mahajan | | |
| Website: www.kdosm.org | Email: Seva@kdosm.org | Help: +91 75060 70851 |
| Thank You Donors for your Generosity & Kindness | | |

# ભાંડુપ સંઘના શ્રી આદિનાથ દાદાના નૂતનીકરણ જિનાલયના ખાતમુહૂર્ત અને શિલા સ્થાપનાના આદેશો અપાયા











તા.૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ ગુરૂવારના શુભ દિવસે સવારના ૯ કલાકે ભાંડુપમાં આદિનાથ જિનાલયના નૂતનનીકરણ માટે મેવાડ ભવનમાં ખાતમુહૂર્ત અને અલગ અલગ પૂજનના ચડાવવા લેવામાં આવ્યા.

ચડાવવા દરમિયાન ખાસ પવઈથી વિહાર કરીને પ.પૂ.મુક્તિરત્ન સાગરસુરી મ.સા.એ નિશ્રા આપી હતી. સમારંભ કાર્યક્રમનું સંચાલન નરેન્દ્રભાઈ નંદુ અને મેઘભાઈ નંદુ એ કરેલ. આવકાર નયનભાઈ ભેદાએ ઓનલાઈન વિડિયોથી LED સ્ક્રીન પર કર્યો.

ખાત મુહૂર્તનો લાભ વાલબાઈ લધુભાઇ લોડાયા હસ્તે ધનલક્ષ્મીબેન પુનશી લોડાયા-ગામ : રાપરગઢવાળી વાળાએ લીધેલ અને મહોત્સવના મહેતાજીનો લાભ નવલબાઇ બાબુભાઈ દંડ તેરા વાળાએ લીધેલ. લાભાર્થીનો બહુમાનનો લાભ પુષ્પાબેન દામજી લોડાયા ગામ બાંડિયા વાળાએ લીધેલ અને પૂજનનો લાભ ભાંડુપના જ્ઞાતિજનોએ ઉત્સાહથી લીધો.



# Anumodana

| Sanjivani Case - 220 | |
|---|---|
| **Name:Ms. Tilottama Shivji Kurwa** Age :64Yrs. Village: Godhra - Mulund | |
| **Urenium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald patron** | |
| Mat.Kasturibai Visanji Dharamshi and Mat.Ratanbai Narshi Dharamshi,Suthri -Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 10,000.00 |
| M/s. Vikamshi Fabrics Pvt. Ltd. Khamgaon | 2,500.00 |
| Shri Nileshkumar Shantilal Meisheri ( Lala - Mulund - Dubai) | 2,500.00 |
| Matushri Rekhaben Sunil Khona, Sujapur - Bangalore | 2,500.00 |
| **Individual Patron** | |
| Shri Manojkumar Laxmichand Kuruwa, Bayath - Kuwait | 5,000.00 |
| Previous Case No. 212 | 55,000.00 |
| Previous Case No. 219 | 43,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

## શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન, મેડિકલ સમિતિ




## કેડીઓ સંજીવની

માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

**સંપર્ક:**

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

# ભાવપૂર્ણ
# શ્રધ્ધાંજલિ



## સ્વ. રાજબાઈ લક્ષ્મીચંદ ધારશી મોતા (ઉં.વ.૯૦)

**અરિહંત શરણ : તા.૨૧-૦૨-૨૦૨૬**

**(વડાલા, કચ્છ-લાખણીચા)**

તેમનું જીવન અમારી માટે પ્રેરણા હતું,
તેમના આદર્શો અમારા માટે માર્ગદર્શન સમાન હતા,
તેમનું સરળ જીવન, દયાળુ સ્વભાવ,
ભાવનાશીલતાને અમે ક્યારેય નહીં ભૂલીએ,
પરમાત્મા તેમની આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

-:: શ્રદ્ધાસુમન ::-


## શ્રી ભલારાદાદા ટ્રસ્ટ – લાલપુર

**ટ્રસ્ટીગણ તથા ભાવિક ભક્તજનો**

## સમસ્ત મહાજન અને જ્ઞાતિના આદરણીય શ્રેષ્ઠીવર્ય શેઠ શ્રી ભરતભાઈ ભાણજી દેવજી ખોના ની જીવન ગાથા જ્ઞાતિમૈયા માં

આ વિશેષ જીવન ગાથા માટે

# શેઠ શ્રી ભરતભાઈ ભાણજી ખોના ને



## આપની શ્રધ્ધાંજલિ, ભાવાંજલિ, આદરાંજલિ, સ્મરણાંજલિ તથા આપની સાથેનું સંભારણનું

## ગુરૂવાર, તા.૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી મોકલવા વિનંતી.

## આપ આપની જાહેરાત પણ આપી શકો છો

## ફુલ પેજ રૂા.૧૦૦૦/-

Kirti Dharmshi - 98440 04445

Sharad Momaya - 94481 16002 • Jayant Chheda - 93222 57731

Manisha Lalka - 98205 45734 • Varsha Lodaya - 98330 72879

Email : gyatimaiya2018@gmail.com

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી ફેબ્રુઆરી થી માર્ચ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| ૨૧ ફેબ્રુ.થી ૦૧ માર્ચ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ પ્રેરીત બિદડામાં નેચર ક્યોર કેમ્પ |
| ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ | શ્રી રાયચંદભાઇ ધરમશી તથા શ્રી કિરીટભાઈ લાપશીયા સંચાલિત કિડની અને હાડકાં રોગ નિદાન કેમ્પ સવારે ૧૦ થી સાંજે ૪ મેઘ મહલ, માટુંગા. રજી. ૯૮૧૯૯૮૫૬૫૩ |
| ૦૧ માર્ચ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બિવલી ફાગણી તેરસ નિમિત્તે છ ગાઉ યાત્રા-માનસ મંદિર, શાહપુર સવારના ૬.૦૩ કલાકે થી. |
| ૦૧ માર્ચ ૨૦૨૬ | શ્રી ભલારા દાદા ભાવિક મંડળ, વરંડી મોટી આયોજિત ભલારા દાદાની ૧૬ મી પહેડી તથા મંડળની વાર્ષિક સભા સવારે ૯.૦૦ ક. થી. કુકરેજા મીની હોલ, કુકરેજા કોમ્પલેક્ષ, અનંત સિધ્ધી સામે, ભાંડુપ. મો.: ૯૮૨૧૧૮૩૯૧૧ |
| ૦૫ માર્ચ ૨૦૨૬ | ભાંડુપ-શ્રી આદિનાથ દાદા જિનાલય નુતનીકરણ નિમિતે ખાતમુહુર્ત |
| ૦૭ માર્ચ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. ડોંબિવલી મંડળ તથા મહિલા મંગલ મંચના ઉપક્રમે સાંસ્કૃતિક કાર્યક્રમ સાંજે ૫.૦૪ કલાકે થી. |
| ૧૨ થી ૧૬ માર્ચ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. ડોંબિવલી મંડળમાંથી સહાય લેતા સાધર્મિકો માટે/સાથે સંપૂર્ણ નિઃશુલ્ક પાવાગઢ-પાલીતાણા-ગિરનાર યાત્રા પ્રવાસ |
| ૧૩/૧૪ માર્ચ ૨૦૨૬ | પરબ આયોજિત અનાજ, મસાલા, ખાદ્ય તથા ઘરગથ્થુ ઉપયોગી વસ્તુઓના સ્ટોલ પરમ કેશવ બાગ, ઘાટકોપર વેસ્ટ, સવારે ૧૦ થી સાંજે ૭. સ્ટોલ બુકિંગ. ૯૮૨૦૫૬૬૩૦૬, ૯૩૨૦૦૬૫૮૨૫ |
| ૧૯ માર્ચ ૨૦૨૬ | શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર આયોજિત મુંબઈમાં શ્રી ભલારા દાદાની ૩૬ મી સમુહ પહેડી સાંજે ૪.૦૦ ક. થી ડેફોડીલ્સ કેમ્પસ, નીલમ નગર-૨, મુલુંડ ઈસ્ટ. લાભાર્થી: શ્રી ભલારા ભાવિક પુનમ પરીવાર |
| ૨૦ માર્ચ ૨૦૨૬ | શ્રી ધણી બાવાની પ્રથમ સમુહ પહેડી કાલિદાસ મેરેજ હોલ, મુલુંડ. ૯૮૨૦૧૬૭૭૮૮, ૯૮૨૦૧૫૩૯૪૫ |
| ૨૧-૨૨ માર્ચ ૨૦૨૬ | શ્રી નલિયા જિનાલયે શુદ્ધિકરણ તેમજ અઢાર અભિષેક |
| ૨૨-૨૩ માર્ચ ૨૦૨૬ | શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ, વરાડીયા સંચાલિત શ્રી ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજી તથા શ્રી ભલારા દાદા મંદિર ધ્વજારોહણ મહોત્સવ |
| ૨૭-૨૯ માર્ચ ૨૦૨૬ | શ્રી તેરા-શ્રી ભલારા દાદા સ્થાનક ભુવાજી ચયન વિધિ. |
| ૨૯ માર્ચ ૨૦૨૬ | ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ તથા એમના વાલીઓ માટે કેરીયર પ્લાનીંગ ગાઇડંસ સેમિનાર સવારે ૧૦.૩૦ થી બપોરે ૧.૦૦ ક. (બાદ ભોજન સુવિધા) વી.એલ.વી.જી., ઘાટકોપર, મુંબઈ. રજી. જરૂરી - ૯૯૬૭૯૧૪૫૬૭ |
| ૩૧ માર્ચ ૨૦૨૬ | નલિયામાં મોતા ફરિયાદો બિરાજમાન ધરમશી કુળદેવી શ્રી અંબે માતાજીના ભોઇ માની તથા શ્રી ખેતરપાળ દાદાના ભુવા શ્રીના બાના (ગંધી) બદલી વિધાન તથા પહેડી. ૯૯૩૦૦૩૯૮૮૮/ ૯૭૬૫૭૭૧૬૧૫૧ |
| ૩૧ માર્ચ થી ૦૨ એપ્રિલ ૨૦૨૬ | શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર આયોજિત લાલપુરમાં ચૈત્રી પુનમ મહોત્સવ |

# શ્રી પારોલાતીર્થે વર્ષીતપ-ઈક્ષુરસ પારણોત્સવ

શ્રી પારોલાતીર્થે શ્રી કદઓ જૈન અચલગચ્છ જૈન શ્વેતાંબર મૂતિપૂજક શ્રી સંઘ પારોલાના ઉપક્રમે ૨૦૮૨ ને વૈશાખ સુદ ૩ અખાત્રીજ દિને તા. ૧૯ એપ્રિલ રવિવારના પાવન દિવસે ગુણોદય મુકિત જય આશિષે ખાનદેશ રત્ના પ.પૂ. સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા આદિ થાણા ૩ ની પાવન નિશ્રામાં વર્ષીતપનાં ઈક્ષુરસ પારણોત્સવનો ભવ્યાતિ ભવ્ય કાર્યક્રમ આયોજિત કરવામાં આવેલ છે.

# રાયચંદભાઈ ધરમશી અને કિરીટભાઈ લાપસીયા સંચાલિત કિડની અને હાડકાં રોગ નિદાન કેમ્પ માટુંગા મધ્યે

તા. ૨૮ ફેબ્રુઆરી શનિવાર સવારે ૧૦ થી ૪ દરમ્યાન ૨૩એ મેઘ મહલ, ગ્રાઉન્ડ ફ્લોર, કિંગ્ઝ સર્કલ, માટુંગા(પૂર્વ) સે.રે મધ્યે રાયચંદભાઇ ધરમશી અને કિરીટભાઇ લાપસીયા સંચાલિત કિડની અને હાડકાં રોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું છે. કેમ્પમાં નિષ્ણાંત સર્જન ડૉ. રાજેશ ઠક્કર સેવા આપશે.

કેમ્પનો લાભ લેવા ઇચ્છુક રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી જે માટે સંપર્ક શ્વેતા લાલકા - ૯૮૧૯૯ ૮૫૬૫૩


# કુણાલ ડાઘા ગુજરાત જાહેર સેવા આયોગ પરીક્ષામાં ૧૦મા રેન્કથી ઉર્તિણ કરી

ગુજરાત સરકારની GPSC-ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન એટલે કે ગુજરાત જાહેર સેવા આયોગની પરીક્ષા મૂળ ગોએરસમા હાલે માંડવી કચ્છના કુણાલ તિલકભાઈ ડાઘાએ કલાસ-૨ અધિકારી તરીકે સમગ્ર રાજ્યમાં ૧૦માં રેન્કથી ઉર્તિણ કરી આઇ.ટી.આઇ પ્રિન્સિપાલ તરીકે વરણી પામયા છે. આ સિધ્ધિ પ્રાપ્ત કરવા માટે હાર્દિક અભિનંદન.




# ભાવભીની શ્રદ્ધાંજલિ





દામજીભાઈ નાગડા
તા.૧૫ ફેબ્રુઆરી (ઉ.૭૭)
કોઠારા



અમિતભાઈ દંડ
તા.૧૬ ફેબ્રુઆરી (ઉ.૪૯)
સેવક ભરૂડીયા-ડોંબિવલી



રાજબાઈ મોતા
તા.૨૧ ફેબ્રુઆરી (ઉ.૯૦)
લાખણીયા-વડાલા



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છ પ્રવાસન અને ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસ સાધી રહ્યું છે. વિકાસનો વ્યાપ વધતાં પરિવહનનો માધ્યમો પણ વધી રહ્યાં છે. ભુજ વિમાન મથકેથી ફ્લાઈટ સંચાલનમાં વધારો થતાં પ્રવાસીઓમાં આવાગમનમાં નોંધપાત્ર વધારો જેવા મળી રહ્યો છે. ડોમેસ્ટિક મુસાફરોના આવાગમનમાં ભુજ એરપોર્ટ રાજ્યમાં પાંચમા ક્રમે આવ્યું છે. છેલ્લાં ૨ મહિના દરમ્યાન ભુજ એરપોર્ટ પરથી ૪૮ હજારથી પ્રવાસીઓએ મુસાફરી કરી છે. જ્યારે કંડલામાં પણ આ બે માસના સમયગાળામાં ૧૦ હજારથી વધુ પ્રવાસીઓએ મુસાફરી કરી છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા જારી કરાયેલા ડોમેસ્ટિક મુસાફરોના સતાવાર આંકડા પર નજર કરીએ તો રાજ્યના ચાર મહાનગર અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ પછી વિમાન માર્ગે સૌથી વધુ પ્રવાસીઓનું આવાગમન ભુજ વિમાની મથકે થયું છે.

● અંજારની ગોવર્ધન નંદીશાળામાં શિયાળાની ઋતુને ધ્યાનમાં રાખીને નંદીઓની સંભાળ માટે ઈલેક્ટ્રિક હીટરની વ્યવસ્થા કરાઈ છે. શેડોમાં ઈલેક્ટ્રિક હીટરથી આંતરિક તાપમાન સ્થિર રહી શકે અને નંદીઓને અતિશય ઠંડી અનુભવાય નહીં. હીટરનો ઉપયોગ નિષ્ણાતોની સલાહ મુજબ સુરક્ષિત રીતે કરવામાં આવી રહ્યો છે. જેથી પશુઓને કોઈ પ્રકારનું જોખમ ન રહે. શિયાળામાં નંદીઓના ખોરાકમાં ગરમાવો મેળવવો ખૂબ મહત્વનો છે. આ માટે ગોવર્ધન નંદી શાળામાં રોજિંદા ખોરાકમાં વિશેષ પૌષ્ટિક આહાર ગોળ, ઘઉંની લાપસી, જેવા ગરમ ખોરાક તેમજ રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટે આયુર્વેદિક મિશ્રણ આપવામાં આવી રહ્યું છે. સવાર સાંજ ગરમ પાણી પીવડાવવાની વ્યવસ્થા પણ કરાઈ છે. જેથી ઠંડીના કારણે નંદીઓને કોઈ તકલીફ ન થાય.

● કચ્છનો વિશાળ દરિયાકાંઠો આમ તો પ્રવાસીઓ માટે હંમેશા આકર્ષણનું કેન્દ્ર રહ્યો છે. પરંતુ અબડાસા વિસ્તારનો દરિયો રાજ્યના અન્ય તમામ કાંઠા વિસ્તાર કરતાં એક અલગ જ ભૌગોલિક વિશિષ્ટતા ધરાવે છે. ઋતુ પરિવર્તનની સાથે અબડાસાના દરિયા કાંઠે કુદરતનો એક અલૌકિક નજારો જોવા મળે છે. ચોમાસામાં જે દરિયો રૌદ્ર સ્વરૂપ ધારણ કરીને આઠથી દસ ફૂટ ઊંચા મોજા સાથે ગરજતો દરિયો ચોમાસાની મોસમ પૂરી થતાં શાંત અને મોજાના કરંટનું જોર ઘટે છે. કોઈ મોટા સરોવર કે જળાશયની જેમ શાંતિથી હિલોળા લઈ રહે છે. પિંગલેશ્વર સુથરી પેટાળમાં છુપાયેલો ખજાનો વિવિધ આકારના પથ્થરો, છીપલાં, કોડી, દરિયાઈ જીવ સૃષ્ટિ સપાટી પર ઊભરી આવે છે. પ્રકૃત્તિ પ્રેમીઓ અને દરિયાઈ જીવ સૃષ્ટિના સંશોધકો માટે ફેબ્રુઆરી સુધીનો આ સમયગાળો સ્વર્ગ સમાન બની જાય છે.

● રમતવીરોને પ્રતિભા ઝળકાવવાનો યોગ્ય મંચ અને અનુભવ મળે એ ઉદ્દેશથી ખેલ મહાકુંભની જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ પૂર્ણ થઈ છે અને હવે ઝોન કક્ષાની રમતો પ્રારંભ થયો છે. કચ્છમાંથી ૨૧૩૩૪૮ ખેલાડીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. પણ તે છતાં આટલો મોટો જિલ્લો હોવા છતાં આ વખતે કચ્છને ઝોન કક્ષાની એક પણ સ્પર્ધાનું આયોજન નથી ફાળવાયું. ઝોન કક્ષાની રમતો માટે ચાર ઝોન પાડવામાં આવ્યા છે. કચ્છને સૌરાષ્ટ્ર ઝોનમાં રાખવામાં આવ્યું છે. નવ રમતની અલગ અલગ કેટેગરીની લગભગ ૨૬ સ્પર્ધા પૈકી કચ્છને એક પણ રમતનું યજમાન પદ નથી મળ્યું.

● બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત કે.એમ.પટેલ આરોગ્યધામ ખાતેના જ્યા રિહેબ સેન્ટર દ્વારા અકસ્માતગ્રસ્ત ૧૦ જેટલી ગૌમાતા-ગૌવંશના કૃત્રિમ પગનું આરોપણ કરી સંભવત વર્લ્ડ રેકોર્ડ સ્થાપ્યો હતો. કામધેનુ ગૌસેવા ટ્રસ્ટી અને આદિનાથ ઘંટાકર્ણ ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગે ૧૦ ગૌમાતાના કૃત્રિમ પગનું આરોપણ કરવામાં આવ્યું.

● કચ્છમાં રણોત્સવના પ્રારંભ માટે આવેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ધોરડો ખાતે વન વિભાગ દ્વારા નિર્માણ કરાયેલા સરદાર સ્મૃતિ વનમાં વૃક્ષારોપણ કરીને વનને ખુલ્લું મૂક્યું હતું. અખંડ ભારત, એક ભારતના સરદાર વલ્લભભાઈ પટેલના વિચારને સાકાર કરતાં સરદાર સ્મૃતિવનમાં ૫૬૨ વૃક્ષનું વાવેતર કરવામાં આવ્યું છે. આ સરદાર સ્મૃતિવન દેશના નકશાના આકારમાં સાકારિત થયું છે.

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING
Now Available

HOME LOAN
CAR LOAN
eAUTO LOAN
2 WHEELER LOAN
***7.49%** (p.a.)
***8.49%** (p.a.)
GOLD LOAN
SOLAR LOAN
TRADE LOAN
LOAN AGAINST PROPERTY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) | |
|---|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 | |
| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT | www.arihantbank.com | @ Arihant Bank